હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૮૩૭, વર્ષ : ૩૫, અંક : ૧૪
૧૬-જુલાઈ, ૨૦૨૪

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

જે પુસ્તકાલયનો ગ્રંથપાલ એ સર્વજ્ઞ જેવો હોય છે, તે તે વિષયના અધ્યાપકને પણ દોરવણી આપી શકે એટલી માહિતી ધરાવનારો હોય છે, તેમ પ્રકાશક પણ લેખકોના જેટલો જ સમાજહિતૈષી હોઇ શકે છે. ઊંચી ભાવનાવાળો લેખક જેમ લોકસંગ્રહની દૃષ્ટિએ જ કલમ ઉપાડે છે, તેમ ઊંચી કોટિનો પ્રકાશક પણ લોકસંગ્રહની દૃષ્ટિએ પોતાનું પ્રકાશન કાર્ય કરે છે.

ઉમાશંકર જોશી

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

"વ્યક્તિ મટી બનું વિશ્વ માનવી માથે ધરું ધૂળ વસુંધરાની"

ગુજરાતી સાહિત્યના તમામ સ્વરૂપોમાં પ્રદાન કરનાર જ્ઞાનપીઠ એવોર્ડથી સન્માનિત કવિવર શ્રી ઉમાશંકર જેઠાલાલ જોશીનો જન્મ ૨૧/૦૭/૧૯૧૧ના રોજ સાબરકાંઠાના બામણા ગામમાં થયો હતો. બામણામાં પ્રાથમિક શિક્ષણ ત્યારબાદ ઈડરના છાત્રાલયમાં પન્નાલાલ પટેલ સાથે રહી સાત ધોરણ સુધી ઈડરની શાળામાં અભ્યાસ કર્યો. અમદાવાદની પ્રોપરાઈટરી હાઈસ્કૂલમાંથી ૧૯૨૮માં મેટ્રિક થયા. ગુજરાત કૉલેજ અને વિદ્યાપીઠમાં અભ્યાસ પૂર્ણ કરી મુંબઈ ગયા. ૧૯૩૬માં મુંબઈની કોલેજમાંથી અર્થશાસ્ત્ર અને ઈતિહાસના વિષયો સાથે બી.એ. અભ્યાસ દરમ્યાન જ મુંબઈની વિલેપાર્લેની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. ૧૯૩૮માં એમ.એ. પૂર્ણ કરી સિડનહામ કોલેજમાં વ્યાખ્યાતા તરીકે અધ્યાપન કાર્ય શરૂ કર્યું. અમદાવાદ પરત આવી ૧૯૪૬ સુધી ગુજરાત વિદ્યાસભા અમદાવાદના અનુસ્નાતક વર્ગમાં ગુજરાતી વિષયના અધ્યાપક અને સંશોધકની બેવડી ભૂમિકા ભજવી હતી. ૧૯૫૪માં ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રોફેસર અને અધ્યક્ષ રહ્યા. તેઓશ્રીએ અમેરિકા, જાપાન, યુરોપ, ચીન, રશિયા જેવા વિવિધ દેશોમાં પ્રવાસ કરેલો. ૧૯૫૭માં કલકત્તાની અખિલ ભારતીય લેખક પરિષદના વિભાગીય પ્રમુખ તરીકે, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે ૧૯૬૬-૧૯૭૨ સુધી રહ્યા. ૧૯૬૫થી નેશનલ બુક ટ્રસ્ટના અને ૧૯૬૬થી કેન્દ્રીય ભાષા સલાહકાર સમિતિના સભ્ય તરીકે સેવા આપેલ. ૧૯૬૮માં ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૪મા અધિવેશનના પ્રમુખ, ૧૯૭૮માં સાહિત્ય અકાદમી દિલ્હીના પ્રમુખ તરીકે કાર્યરત રહી સાહિત્યક્ષેત્રે ખૂબ જ નોંધપાત્ર પ્રદાન કરેલ છે.

શ્રી ઉમાશંકર જોશી 'વાસુકિ', 'શ્રવણ' જેવા ઉપનામથી જાણીતા કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર, નિબંધકાર, વિવેચક, સંશોધક, સંપાદક, અનુવાદક વગેરે સાહિત્યના વિવિધ




સ્વરૂપોમાં નોંધપાત્ર પ્રદાન કરનાર ગાંધીયુગના અગ્રણી સર્જક – વિવેચક છે. તેમની ગાંધી વિચારથી પ્રભાવિત કવિતા, મુક્તક થી માંડી પદ્યનાટક સુધીના કાવ્ય પ્રકારોમાં સર્જન વિસ્તૃત થયેલું છે. તળપદી બોલી સાથે ગ્રામીણ સંસ્કૃતિ ઉજાગર કરતા એકાંકી-નાટકો, મર્મગ્રાહી ભાષા ઉઘાડતી ટૂંકી વાર્તાઓ, વિવિધ છબીઓ આપતા નિબંધો અને વ્યકિત ચિત્રો, સૌદર્ય સૃષ્ટિ, સમભાવ અને બુદ્ધિમતાથી અંકુરિત અને વિચારશીલ-વિકાસશીલ વિવેચનો તથા સંશોધનો વગેરે ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટપ્રદાન છે.

તેઓશ્રીની મુખ્ય કૃતિઓમાં વિશ્વશાંતિ, ગંગોત્રી, નિશીથ (કવિતા સંગ્રહ), સાપના ભારા, હવેલી (એકાંકી), શ્રાવણી મેળો અને વિસામો (વાર્તા સંગ્રહો), ઉઘાડી બારી (નિબંધ), પુરાણોમાં ગુજરાત (સંશોધન), 'અખો' એક અધ્યયન, કવિની શ્રદ્ધા (વિવેચન), શાકુંતલ, ઉત્તર રામચરિત (અનુવાદિત રચના) સાથે ૧૯૪૭માં 'સંસ્કૃતિ' (માસિક) સામયિકનો આરંભ કરેલ. સાહિત્યક્ષેત્રના પ્રદાનને લઈને તેમણે ૧૯૩૯માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ૧૯૪૭માં નર્મદ ચંદ્રક, ૧૯૭૩માં દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કાર અને ૧૯૬૮માં જ્ઞાનપીઠ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૯૮૧માં વિશ્વ ગુર્જરીનો ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયેલો. આ ઉપરાંત પણ અનેક પુરસ્કારો માનદ્ સભ્યપદ, પદવી, પ્રમુખ જેવા અનેક સન્માનો તેમને પ્રાપ્ત થયા છે. ઉમાશંકર જોશીએ કવિ તરીકે ખૂબ નામના મેળવી, કારણ એમની કવિતાના

વિષયવસ્તુમાં બાહ્ય જગત, આંતર જગત અને જીવનનો સવિશેષ અનુભવ જોવા મળે છે. તેમની રચનાઓમાં શૈલીમાં વિવિધતા, સ્ત્રોત, સોનેટ, ઉર્મિકાવ્ય, મુકતક, ગીત, સંવાદકાવ્ય આદિ તથા સંસ્કૃત પ્રશિષ્ટ અક્ષરમેળ છંદો, ગુજરાતી માત્રામેળ છંદો, લોકગીતોના લય, મિશ્ર લય, બોલચાલની ભાષાના લય, પદ્ય વગેરેને કારણે વિશાળતા અને વિવિધતા જોવા મળે છે. તેઓની કવિતામાં પ્રકૃતિ પ્રેમ, પ્રવાસ પ્રેમ વિશેષ જોવાય જે અપૂર્વ આનંદ અને અલૌકિક સૌંદર્યના અનુભવ રૂપે પ્રગટ થાય છે. ‘આતિથ્ય’ અને ‘અભિજ્ઞા’ જેવા બે વળાંક ઉમાશંકર જોશીની કવિતામાં જોવા મળે છે.

ઈન્ટર આર્ટ્સની પરીક્ષા વખતે સત્યાગ્રહની લડતનો સાદ સાંભળતાં જ તેમાં જોડાયા, તેઓની ધરપકડ થઈ અને ચૌદ અઠવાડિયા જેલવાસ થયો. જેલમાંથી છૂટીને વિદ્યાપીઠમાં જોડાયા તે સમયે કાકા સાહેબ કાલેલકરના પરિચયમાં આવ્યા અને તે સમયે ૧૯૩૧માં ‘વિશ્વશાંતિ’ની રચના કરી. ‘દૂરથી આવતો એ મંગલ શબ્દ’ ગુજરાતના કાવ્ય રસિકોના હૃદયમાં હૃદયસ્થ થયેલો જોવા મળે છે. એજ વર્ષે ‘ગંગોત્રી’ કાવ્ય સંગ્રહ પણ પ્રગટ થયો. સાહિત્યના લગભગ બધા જ પાસા ઉમાશંકરની પ્રતિભાને સ્પર્શ પામ્યા છે. તેઓનો વ્યાપ ફકત ગુજરાત પૂરતો સિમીત ન રહેતા તેઓ વિશ્વ માનવી બન્યા છે. આ યુનિવર્સિટી દ્વારા દર વર્ષે સ્વ. ઉમાશંકર જોશીની સ્મૃતિમાં વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવે છે. સ્વ. ઉમાશંકર જોશી અને ગુજરાતી સાહિત્યને સ્પર્શતા વિદ્વાન વકતાઓને આમંત્રિત કરી વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવે છે. ઉચ્ચ કોટિની સાહિત્ય પ્રતિભા ધરાવનાર શ્રી ઉમાશંકર જોશીને જન્મ જયંતિ નિમિત્તે કોટિ કોટિ વંદન.

તા. ૧૬-૦૭-૨૦૨૪
પાટણ.

**પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા**
**કુલપતિ**

# શ્રદ્ધાંજલિ



ઉત્તર ગુજરાતમાં પ્રસ્થાપિત સૌથી મોટા શિક્ષણધામ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના આદ્યસ્થાપક અને પાટણમાં શિક્ષણનો પાયો નાખનાર પ્રથમ કુલપતિ અને શિક્ષણવિદ્ ડૉ. કુલીનચંદ્ર યાજ્ઞિક ૯૭ વર્ષની વયે ટૂંકી માંદગી બાદ તા. ૨૭/૦૭/૨૦૨૪ શનિવારના રોજ નડીયાદ ખાતે પોતાના અંતિમ શ્વાસ લેતાં સમગ્ર શિક્ષણ જગતમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. ડૉ. યાજ્ઞિક સાહેબે યુનિવર્સિટીને કૉલેજ કેમ્પસના છાત્રાલયમાં દસ કર્મચારીઓથી ૨૩ જેટલી કૉલેજના જોડાણથી શરૂઆત કરી હતી. જે આજે પાંચ જિલ્લામાં પ્રસરીને વિરાટ વટવૃક્ષ થઈ કાર્યરત છે. સાહેબશ્રી સંસ્કૃત ભાષા–સાહિત્યના વિદ્વાન, પૂર્વ આઈ.એ.એસ., માહિતી મદદનીશ, રાજકોટ કલેકટરના ચીટનીશ, ડાંગ, ભરૂચ, વડોદરાના કલેકટર, ગવર્નરના અંગત સચિવ, મુખ્યમંત્રીના અંગત સચિવ, શિક્ષણ સચિવ જેવા અનેકવિધ હોદ્દાઓ ઉપર પોતાની વટીવટીય કોઠાસૂઝ અને જ્ઞાનથી વિવિધ વિભાગોમાં કર્તવ્યનિષ્ઠ કાર્ય કરેલ. શિક્ષણ સચિવમાંથી નિવૃત્તિ બાદ યુનિવર્સિટીના કુલપતિ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. પાટણમાં આ યુનિવર્સિટી ઉભી કરવા માટે જમીન સંપાદનથી યુનિવર્સિટીનું મુખપત્ર શરૂ કરવું અને પ્રતિક ચિહ્નો બનાવવા તથા ઉચ્ચ શિક્ષણ માટે ખૂબ જ ઉત્તમ અને યાદગાર કાર્યો કર્યા હતા. બે ટર્મ (છ વર્ષ) સુધી કુલપતિ તરીકે રહી વહીવટી ભવન, ગ્રંથાલય ભવન અને અન્ય વિભાગોનું નિર્માણ કરાવી ૧૯૯૨માં નિવૃત્ત થયા હતાં. તેમનું પ્રકાશિત પુસ્તક ‘વહીવટની વાતો’ શિક્ષણક્ષેત્રમાં ઊંડાણપૂર્વક વહીવટની સમજ આપે છે. સુભાષિત સાર નામની કોલમ ‘ગુજરાત સમાચાર’ની રવિપૂર્તિમાં તેઓ દ્વારા લખાતી હતી. શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક સાહેબના સંઘર્ષ અને શિક્ષણ પ્રત્યે સમર્પિત વિશેષ કાર્યભાર બદલ ૨૦૨૧માં યુનિવર્સિટી વતી ડી. લીટ્.ની માનદ્ પદવીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જીવનના છેલ્લા સમય સુધી કાર્યરત અને શિક્ષણની ચિંતા કરનાર ડૉ. યાજ્ઞિક સાહેબને ખરા અર્થમાં શ્રદ્ધાંજલિ એજ છે કે પોતાની જાત ઘસીને શિક્ષણ માટે જે કાર્ય કર્યું તેને સૌ શિક્ષણવિદ્દો અને યુનિવર્સિટી પરિવાર નિષ્ઠાપૂર્વક આગળ ધપાવે.

માનનીય કુલપતિશ્રી, કુલસચિવશ્રી તથા સમગ્ર યુનિવર્સિટી પરિવાર સદ્ગત આત્માને શ્રદ્ધાસુમન અર્પે છે.

# યુનિવર્સિટી ન્યુઝ

## વર્કશોપ

તાજેતરમાં દિલ્હી ખાતે યુ.જી.સી. અને ભારતીય ભાષા સમિતિ દ્વારા દેશભરની યુનિવર્સિટીના કુલપતિઓનો એક દિવસીય વર્કશોપ યોજાયો હતો. જેમાં દેશભરમાંથી ૧૦૭ જેટલા કુલપતિશ્રીઓએ ભાગ લીધો હતો. નવી શિક્ષણ નીતિ અન્વયે યુ.જી.સી. દ્વારા જુદી–જુદી ૧૨ ભાષાઓમાં ઉચ્ચ શિક્ષણ માટે સંદર્ભ ગ્રંથો અને પાઠ્ય પુસ્તકો તૈયાર કરવા વિવિધ કુલપતિની કમિટીઓને જવાબદારી સોંપવામાં આવી હતી. ગુજરાતમાં ગુજરાતી ભાષામાં વિજ્ઞાન વિદ્યાશાખા માટે પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયાને યુ.જી.સી. દ્વારા શ્રેયાન અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. જે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ માટે ગૌરવની બાબત છે.

# પીએચ.ડી.

| No. | Candidate | Title of the Thesis | Faculty/Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 1. | **Bhojak Dharatiben M.** | A Socio-Economic Study of Effects of Production and Consumption of Solar Energy in Patan District | **ARTS** ECONOMICS | **Dr. Hina M. Patel** Maniben M.P. Shah Mahila Arts College, Kadi. |
| 2. | **Chaudhari Ganpatbhai K.** | આકંઠ સાબરમતીના નાટ્યકારોનો અભ્યાસ (લાભશંકર ઠાકર, મધુ રાય, ચિનુ મોદી, આદિલ મન્સૂરી, સુભાષ શાહ, ઈન્દુ પુવાર) | **ARTS** GUJARATI | **Dr. Rishikesh Y. Raval** G.D. Modi College of Arts, Palanpur. |
| 3. | **Dave Bhadresh J.** | Realism in Select Novels of Romen Basu and Aravind Adiga | **ARTS** ENGLISH | **Dr. Kameshwar R. Prasad** Principal, Smt. M.C. Desai Arts & Commerce College, Prantij, Sabarkantha. |
| 4. | **Dhabhi Prakash M.** | Achievement Motivation and Educational Anxiety Among Secondary and Higher Secondary School Students of Banaskantha District | **ARTS** PSYCHOLOGY | **Dr. Prahladbhai M. Prajapati** Smt. R.R.H. Patel Mahila Arts College, Vijapur. |
| 5. | **Desai Miteshkumar M.** | કેશવરાવ કાશીરામ શાસ્ત્રીનું ઈતિહાસ, પુરાતત્ત્વ, ભાષાશાસ્ત્ર અને સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રદાન : એક અધ્યયન | **ARTS** HISTORY | **Dr. Prafullaben Brahmbhatt** The D.P.C.B.L. Arts and Commerce College, Dhansura. |
| 6. | **Desai Pareshbhai B.** | Changes in the Social, Economic and Educational Field in Rabari Socity of Kutch District After Independence - A Historical Study | **ARTS** HISTORY | **Dr. P.S. Patel** Principal, Government Arts and Commerce College, Sami. |
| 7. | **Dhanula Bhartiben D.** | ભીલ સેવા મંડળ : આદિવાસી ઉત્કર્ષની પ્રવૃત્તિઓ – એક અધ્યયન | **ARTS** HISTORY | **Dr. Prafullaben Brahmbhatt** The D.P.C.B.L. Arts and Commerce College, Dhansura. |
| 8. | **Dhusa Dipikabahen A.** | Sexual Anxiety and Life Satisfaction Among Sex Workers | **ARTS** PSYCHOLOGY | **Dr. Nisha M. Tajpuria** D.D.Thakkar Arts & K.J. Patel Commerce College, Khedbrahma. |
| 9. | **Gamar Karishma J.** | The Selected Novels of Chetan Bhagat : A Critical Study | **ARTS** ENGLISH | **Dr. Kameshwar R. Prasad** Principal, Smt. M.C. Desai Arts & Commerce College, Prantij, Sabarkantha. |
| 10. | **Ghotika Mitali S.** | A Study of Consumer Behaviour of Two Wheelers with Reference to Central Gujarat | **COMMERCE** COMMERCE | **Dr. Jagdish K. Patel** Shri V.R. Patel College of Commerce, Mehsana. |
| 11. | **Jaysval Mehulkumar S.** | A Study on Effect of Circuit and Fartlek Training on Skill Ability and Jumping Ability of Volleyball Players | **EDUCATION** PHYSICAL EDUCATION | **Dr. Dharmendra K. Dhanula** Smt. P.R. Patel Arts College, Palasar. |
| 12. | **Joshi Urvibahen N.** | A Study of Female in Select Works of Kavita Kane | **ARTS** ENGLISH | **Dr. Kameshwar R. Prasad** Principal, Smt. M.C. Desai Arts & Commerce College, Prantij, Sabarkantha. |
| 13. | **Khant Rajeshkumar K.** | A Study of Basic Problems of Farmers in Aravalli District | **ARTS** ECONOMICS | **Dr. Dhavlkumar P. Dave** Shri H.S. Shah College of Commerce, Modasa. |
| 14. | **Mansuri Minabahen F.** | સર્જક હર્ષદ ત્રિવેદી : એક અધ્યયન | **ARTS** GUJARATI | **Dr. Nazima R. Shaikh** S.B. Mahila Arts College, Himmatnagar. |

| No. | Candidate | Title of the Thesis | Faculty/Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 15. | **Luhana Kuldeep K.** | Study of Anti-Cancerous Enzyme L-Asparaginase Produced by Local Microbial Isolates | **SCIENCE** BIOTECHNOLOGY | **Dr. Himanshu Bariya** Dept. of Life Science, HNG University, Patan. |
| 16. | **Pandya Kush D.** | The Impact of Financial Performance on Stock Price of Selected Cement Companies of India | **COMMERCE** COMMERCE | **Dr. Arvindbhai M. Patel** Principal, Idar Anjana Patidar H.K.M. Arts & P.N. Patel Commerce College, Idar. |
| 17. | **Parmar Dineshkumar K.** | A Comparative Study of Attitudes of Students of Various Stream in Hemchandracharya North Gujarat University Towards Yoga | **EDUCATION** PHYSICAL EDUCATION | **Dr. Pravinkumar V. Chaudhari** Principal, M.M. Chaudhary Arts College, Rajendranagar |
| 18. | **Parmar Nayanaben H.** | Synthesis, Characterization and Biological Properties of Novel Heterocyclic Compound and their Metal Chelates | **SCIENCE** CHEMISTRY | **Dr. Piyush J. Vyas** Principal, Sheth M.N. Science College, Patan. |
| 19. | **Parmar Niravkumar D.** | A Study of Dicision Making and Professional Commitment of Primary School Teachers | **EDUCATION** EDUCATION | **Dr. Prashant B. Parihar** Swami Vivekanand Sarvodaya Bank Education College, Mehsana. |
| 20. | **Patel Ashaben J.** | A Study of Volitional Control and Self-Regulation of Secondary School Teachers in Context to Certain Variables | **EDUCATION** EDUCATION | **Dr. Prashant B. Parihar** Swami Vivekanand Sarvodaya Bank Education College, Mehsana. |
| 21. | **Patel Chandrakantbhai D.** | An Analysis of Multilingual Web Page Categorization Algorithms for Stemming and Design Supplement Algorithm for Gujarati Language | **MANAGEMENT** COMPUTER SCIENCE | **Dr. Jignesh Patel** Dept. of Computer Science, HNG University, Patan |
| 22. | **Patel Devdatt J.** | Synthesis, Characterization and Chelating Properties of Some Triazole Derivatives | **SCIENCE** CHEMISTRY | **Dr. M. K. Thakor** Municipal Arts and Urban Bank Science College, Mahesana. |
| 23. | **Patel Dilipkumar M.** | Construction and Standardization of Academic Self-Efficacy Scale for Students of Secondary Schools | **EDUCATION** EDUCATION | **Dr. Prashant B. Parihar** Swami Vivekanand Sarvodaya Bank Education College, Mehsana. |
| 24. | **Patel Harsh M.** | Investigation of Novel Fused Heterocyclic Compounds Containing Pyrimidine and their Biological Properties | **SCIENCE** CHEMISTRY | **Dr. Piyush J. Vyas** Principal, Sheth M.N. Science College, Patan. |
| 25. | **Patel Manish R.** | A Study of Depression Among Students of Secondary School | **EDUCATION** EDUCATION | **Dr. Nileshkumar B. Gajjar** L.N.K. College of Education, Patan. |
| 26. | **Patel Manish J.** | A Study of Financial Performance of Selected District Central Co-Operative Banks of Gujarat | **COMMERCE** ACCOUNTANCY | **Dr. Kesarisinh S. Parmar** Principal, Government Commerce College, Vadali |
| 27. | **Patel Monika J.** | Construction and Standardization of Numerical Aptitude Test for Upper Primary School Students | **EDUCATION** EDUCATION | **Dr. V. V. Chaudhari** Principal, Revaba Sarvajanik Education College, Mehsana. |
| 28. | **Patel Nutanbahen J.** | Employment and Economic Conditions of People Working Under MNREGA Scheme : A Study with Reference to Aravalli District | **ARTS** ECONOMICS | **Dr. Arvindkumar K. Patel** S.S. Mehta Arts & M.M. Patel Commerce College, Himatnagar |
| 29. | **Patel Priyankaben K.** | **અમદાવાદ શહેરનાં સલ્તનતકાલીન અને મુઘલકાલીન ઇસ્લામીક સ્થાપત્યોનું અધ્યયન (ઇ.સ. ૧૪૧૧ થી ઇસ. ૧૭૫૮)** | **ARTS** HISTORY | **Dr. V. R. Chaudhari** Government Arts College, Becharaji |

| No. | Candidate | Title of the Thesis | Faculty/Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 30. | **Patel Pushpaben B.** | A Study of Spatial Reasoning of Secondary School Students in Relation to their Intelligence and Academic Achievement | **EDUCATION** EDUCATION | **Dr. Chiragbhai C. Swami** D.D. Choksi College of Education, Palanppur |
| 31. | **Patel Rahulkumar B.** | Analyzing Concepts of Love and Art in Kazuo Ishiguro's Select Literary Works | **ARTS** ENGLISH | **Dr. Kameshwar R. Prasad** Principal, Smt. M.C. Desai Arts & Commerce College, Prantij, Sabarkantha. |
| 32. | **Patel Roshanaben K.** | Chetan Bhagat and Kiran Desai : Select Novels of Cultural Complexities and its Impact on Individual Personality Crisis | **ARTS** ENGLISH | **Dr. Kameshwar R. Prasad** Principal, Smt. M.C. Desai Arts & Commerce College, Prantij, Sabarkantha. |
| 33. | **Patel Sanjay J.** | A Study of Research Aptitude of Students of Education Faculty | **EDUCATION** EDUCATION | **Dr. Pathik D. Barot** Swami Vivekanand Sarvodaya Bank Education College, Mehsana. |
| 34. | **Patel Sonalben N.** | Gynocentric Perspective in Select Modern Indian Diaspora Fiction | **ARTS** ENGLISH | **Dr. Manisha F. Shah** Principal, Government Arts and Science College, Harij |
| 35. | **Patel Tejalben R.** | A Study of Co-Operative Learning Approach of B.Ed. Trainees | **EDUCATION** EDUCATION | **Dr. Suresh R. Parmar** Swami Vivekanand Sarvodaya Bank Education College, Mehsana. |
| 36. | **Prajapati Smitaben J.** | A Bibliometric Study of Doctoral Thesis Accepted by the Hemchandracharya North Gujarat University, Patan in the Faculty of Science During 2019-2011 | **ARTS** LIBRARY & INFORMATION SCIENCE | **Dr. Kanakbala Jani** Department of Library and Information Science, HNG University, Patan. |
| 37. | **Senma Sonalben B.** | Construcation and Standardization of Moral Reasoning Test for Secondary School Students | **EDUCATION** EDUCATION | **Dr. Bhavanaben A. Modi** B.D. Shah College of Education, Modasa |
| 38. | **Shah Rajvi S.** | A Comparative Study on Financial Performance of Selected Private and Public Sector Banks of India | **COMMERCE** ACCOUNTANCY | **Dr. Kesarisinh S. Parmar** Principal, Government Commerce College, Vadali |
| 39. | **Songara Jayaben O.** | A Study of Financial Analysis with Reference to Basel III Norms on Selected Nationalized Banks of India | **COMMERCE** ACCOUNTANCY | **Dr. Kesarisinh S. Parmar** Principal, Government Commerce College, Vadali |
| 40. | **Soni Govindkumar V.** | Perception and Behaviour Dynamics of Tax Payers Towards Goods and Service Tax in North Gujarat Region | **MANAGEMENT** MANAGEMENT | **Dr. Nishithkumar H. Bhatt** Dept. of Commerce & Management, HNGU, Patan |
| 41. | **Sundersath Nikunjkumar V.** | મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રણામી સંપ્રદાયના સંતકવિઓનું પ્રદાન | **ARTS** GUJARATI | **Dr. B. S. Patel** Pramukh Swami Science & H. D. Patel Arts College, Kadi |
| 42. | **Tabiyad Naynabahen R.** | संजीव के चयनित उपन्यासों में आदिवासी नारी चित्रण | **ARTS** HINDI | **Dr. Paramjit S. Panesar** Shree K.R. Katara Arts College, Shamlaji |
| 43. | **Thakkar Ravindra S.** | A Comparative Study on Financial Performance of Selected Public and Private Life Insurance Companies of India | **COMMERCE** ACCOUNTANCY | **Dr. Ashokbhai D. Parmar** Shree V.R. Patel College of Commerce, Mahesana. |

| No. | Candidate | Title of the Thesis | Faculty/Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 44. | **Thakor Ashaben S.** | Use of E-Resources by the Researcher of Hemchandracharya North Gujarat University, Patan : A Study | **ARTS** LIBRARY & INFORMATION SCIENCE | **Dr. Nilesh A. Patel** Department of Library and Information Science, HNG University, Patan. |
| 45. | **Thakor Snehalben R.** | Effect of Dust Fall of Blank Stone Industries on Vegetation in Ambaghanta Quarry Area at Danta, Banaskantha | **SCIENCE** BOTANY | **Dr. Narendra K. Patel** Sheth M. N. Science College, Patan. |
| 46. | **Vannathani Bhoomi R.** | Neo-Slave Narrative : A Study of Women's Enslavement and Exploitation in Select African-American Novels | **ARTS** ENGLISH | **Dr. Ramesh Patel** Principal, M.A. Parikh Fine Arts and Arts College, Palanpur. |
| 47. | **Valand Shankarbhai C.** | બનાસકાંઠા જિલ્લાના આદિવાસીઓની સામાજિક અને સાંસ્કૃતિક પરંપરાઓનો તલસ્પર્શી અભ્યાસ– એક ઐતિહાસિક અધ્યયન | **ARTS** HISTORY | **Dr. Prafulla C. Brahmbhatt** The D.P.C.B.L. Arts and Commerce College, Dhansura. |
| 48. | **Yogi Shital R.** | A Study of Gujarati Oral Reading Skills of Upper Primary School Students of Kutch District | **EDUCATION** EDUCATION | **Dr. Bhavanaben A. Modi** B.D. Shah College of Education, Modasa. |

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી



શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં ૧લી મે ના રોજ ગુજરાત સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી પ્રિ. ડૉ સી.એમ ઠક્કરના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ ઠક્કરે વિદ્યાર્થીઓને ગુજરાત સ્થાપના દિવસનું મહત્ત્વ, ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ, ધરોહર, પ્રખ્યાત પર્યટન સ્થળો, વારસો, રાજ્યના વિકાસમાં થયેલી પ્રગતિ અને ગુજરાતના મહાન આગેવાનોના યોગદાન વિશે વિગતવાર માહિતી આપી હતી આ પ્રસંગે ગુજરાતના ગૌરવ અને સંસ્કૃતિને ઉજાગર કરતી વિવિધ રસપ્રદ માહિતીની આપેલે કરવામાં આવી હતી. કાર્યક્રમના સમાપન પર તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને ગુજરાત સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## પ્રવેશ મહોત્સવ

શ્રીમતી ટી.એસ.આર કોમર્સ કૉલેજ, પાટણમાં તા. ૨૬–૬–૨૦૨૪ના રોજ બી.કોમ, સેમ.૧ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ નો પ્રવેશ મહોત્સવ યોજાયો હતો. કાર્યક્રમમાં એન.જી.ઇ.એસના ડાયરેક્ટર ડૉ.જે.એચ. પંચોલીએ તથા કેમ્પસ ડેવલપમેન્ટ ઓફિસર જયભાઈ ધ્રુવે વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પી.પી.જી. એક્સપરિમેન્ટલ હાઈસ્કૂલ, પાટણના કા. આચાર્ય ઝેડ. એન. સોઢા તથા અતિથિ વિશેષ તરીકે કૉલેજના ભૂતપૂર્વ મંડળના પ્રમુખ પ્રો.નિસર્ગ ખમાર હાજર રહ્યા હતા. કૉલેજના પ્રિ. ડૉ. એચ.એસ. વિરમગામીએ મહેમાનોનું મોમેન્ટોથી સ્વાગત કરી, શાબ્દિક પરિચય આપ્યો હતો. આમંત્રિત મહેમાનોએ વિદ્યાર્થીઓને વ્યસન મુક્ત જીવન અંગે સભાન કરી આશિર્વચન આપ્યા હતા. કૉલેજના પ્રિન્સિપાલે વિદ્યાર્થીઓને કૉલેજની વિવિધ પ્રવૃત્તિઓ, અભ્યાસક્રમ, એન.જી.ઇ.એસ. કેમ્પસ, શિસ્તપાલન, સલામતી વગેરેથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

## યોગ દિવસ



✻ શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, શંખેશ્વરમાં શારીરિક શિક્ષણ વિભાગ અને એન.એસ.એસ. વિભાગ દ્વારા દશમા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કૉલેજના આચાર્ય ડૉ. રાજેશ ત્રિવેદીએ યોગએ પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા આપેલી એક ભેટ છે. યોગ ટ્રેનર રાણાજી ઝાલા એ પ્રાણાયામ, આસનો અને સૂર્યનમસ્કાર કરાવ્યા હતા. યોગ ટ્રેનરે વિદ્યાર્થીઓ તથા સ્ટાફને યોગાસનનું દરેક વ્યક્તિના જીવનમાં મહત્ત્વ છે તેવું સમજાવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનો તથા કૉલેજના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



✲ શ્રી બી.પી.બી. આર્ટ્સ એન્ડ એમ.એચ.જી કોમર્સ કૉલેજ, ઊંઝાના એન.એસ.એસ. વિભાગ દ્વારા તા.૨૧-૬-૨૦૨૪ ના રોજ ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગદિવસની ઉજવણી કરવામાં આવી હતી. કૉલેજના પ્રિ. ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ ડૉ. નવીનભાઈ પ્રજાપતિએ વિદ્યાર્થીઓને યોગનું મહત્ત્વ સમજાવી યોગ કરાવ્યા હતા. કૉલેજના સ્પોર્ટ્સ વિભાગના ડૉ. દિવ્યેશભાઈ પટેલ અને એમ. આર.એસ. હાઈસ્કૂલના ગોવિંદસિંહ ચાવડાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું અને શરીરને રોગમુક્ત રાખવા નિયમિત યોગ કરવા સમજાવ્યા હતા.



✲ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના IQAC સેલ, શ્રીમતી શાંતાગૌરી રસિકલાલ (રંગવાલા) કૉલેજ ઓફ ફિઝિયોથેરાપી તથા અશ્વિનભાઈ કે. પરીખ એન્ડ રસિકલાલ એન. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧-૬-૨૦૨૪ના રોજ કૉલેજ કેમ્પસમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં કૉલેજના સ્ટાફ તેમજ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. યોગ તાલીમ શિક્ષક દીપકભાઈ ગજ્જરે આસન, પ્રાણાયમ, ધ્યાન જેવી યોગનિદર્શન ક્રિયાઓ કરાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના પ્રિ. ડૉ. હિનાબેન એમ. પટેલના માર્ગદર્શન હેઠળ કૉલેજના શારીરિક શિક્ષણના અધ્યાપિકા મધુબેન એસ. ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.



✲ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણાના એન.એસ.એસ.યુનિટ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મહેસાણાના જાણીતા યોગ-ટીચર અમૃતભાઈ ચૌધરી હાજર રહી કૉલેજની વિદ્યાર્થિનીઓને ગીત-સંગીત સાથે યોગાસનો શીખવ્યા, તેમણે શરીરને ચુસ્ત રાખવા વિવિધ યોગાસનો અને યોગના ફાયદા વિશે વિશેષ જાણકારી આપી હતી. જેમાં એન.એસ.એસ.ની ૩૫ વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી. આ કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. સુનીતાબેન સુપહિયાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. રમણભાઈ સોલંકી અને સવિતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

✲ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુરમાં તા. ૨૧-૬-૨૦૨૪ ના રોજ વિજાપુરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાની વિશેષ ઉપસ્થિતિમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કૉલેજની વિદ્યાર્થિનીઓ તથા સ્ટાફે યોગાભ્યાસ કર્યો હતો. રમત-ગમત વિભાગના અધ્યાપક મનીષકુમાર ગામીતે યોગનું મહત્ત્વ સમજાવી જુદા જુદા આસનોથી થતા ફાયદાઓ વિષે માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિ.ડૉ. સુરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રા.મનીષકુમાર ગામીતે કર્યું હતું.



✲ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ તેમજ પ્રિ. ડૉ.સી.એમ.ઠક્કરના માર્ગદર્શન હેઠળ તા.૨૧-૬-૨૦૨૪ના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમની શરુઆતમાં પ્રિ. ડૉ. સી.એમ. ઠક્કરે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં યોગનું મહત્ત્વ અને જીવનમાં અનિવાર્યતા વિશેની વિસ્તૃત માહિતી આપી. આ કાર્યક્રમની જવાબદારી એન.સી.સી.ના ANO Lt. નિકુંજભાઈ પ્રજાપતિ એ સંભાળી હતી. આ કાર્યક્રમમાં વિવિધ આસનો જેવા કે તાડાસન, વૃક્ષાસન, ભદ્રાસન, ત્રિકોણાસન તેમજ પ્રાણાયામમાં કપાલભાતિ, ભ્રામરી તેમજ ઓમકાર જેવા આસનો કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં કૉલેજનો તમામ સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## સ્પર્ધા



ડી. ડી ચોકસી કૉલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુરના પ્રિ. ડૉ નિલુબેન ઘોષના માર્ગદર્શન હેઠળ તેમજ તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા સેમ-૪ના વિદ્યાર્થીઓના વિદાય સમારોહ અંતર્ગત

ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં કૉલેજના તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ હાજર રહ્યા હતા. આ ટુર્નામેન્ટમાં વિનર બનેલી ટીમને વિનર ટ્રોફી આપવામાં આવી હતી. જ્યારે બીજી ટીમના વિદ્યાર્થીઓને રનર્સ અપ ટ્રોફી આપવામાં આવી હતી આ ટુર્નામેન્ટમાં સૌથી વધારે રન બનાવનાર વિદ્યાર્થી વસંતને 'મેન ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો અને ટ્રોફી આપવામાં આવી હતી તેમજ આ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને મેડલ દ્વારા પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## સેમિનાર



શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ અને હોમસાયન્સ કૉલેજ, મહેસાણાની ગુજરાતી તથા મનોવિજ્ઞાન વિભાગની કુલ–૧૮ વિદ્યાર્થિનીઓએ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સરકારી વિનયન કૉલેજ, બેચરાજીના સંયુક્ત ઉપક્રમે 'ગરબોઃ સાહિત્ય સ્વરૂપ વિચાર' વિષય પર આયોજીત એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદમાં ભાગ લીધો હતો. જેમાં કૉલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ચેતના દેસાઈએ 'ગરબાની ગરવી મિરાત' શીર્ષક હેઠળ શોધપત્ર રજૂ કર્યું હતું. તેમજ તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાતી વિભાગની વિદ્યાર્થિની ઠાકોર ખુશી દિનેશભાઈએ 'મા બહુચરનો આનંદનો ગરબો' શીર્ષક અનુસંધાને શોધપત્ર રજૂ કર્યું હતું.



કોમર્સ કૉલેજ, રાધનપુર દ્વારા કે.બી. વકીલ ઉચ્ચતર માધ્યમિક શાળા, રાધનપુર ખાતે GCAS PORTAL અને એડમિશન અંગે સેમિનાર કૉલેજના પ્રિ.ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ તા ૨૩–૫–૨૦૨૪ના રોજ યોજાયો હતો. ગુજરાત સરકાર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫થી જે વિદ્યાર્થીઓ સરકારી યુનિવર્સિટી કે તેને સંલગ્ન કૉલેજની વિવિધ વિદ્યાશાખામાં એડમિશન મેળવવા માટે છે તે તમામ વિદ્યાર્થીઓ માટે એક કોમન એડમિશન પોર્ટલ GCAS PORTALની રચના કરવામાં આવી છે. કે.બી વકીલ ઉચ્ચતર માધ્યમિક શાળા, રાધનપુરના આચાર્ય નટુભાઈ ઓઝાની મંજૂરીથી કૉલેજના કોમર્સ વિભાગના અધ્યાપક ડૉ ચિરાગ રાવલ દ્વારા ધો ૧૨ પાસ કરેલ વિદ્યાર્થીઓને GCAS PORTAL પર રજિસ્ટ્રેશન, એક જ ઓનલાઈન અરજી દ્વારા પ્રવેશ કાર્યવાહી, શૈક્ષણિક માહિતી, કૉલેજની પસંદગી, વિવિધ ડોક્યુમેન્ટ અપલોટ કરવા તેમજ રજીસ્ટ્રેશન ફી, અરજી ફાઈનલ સબમિટ કરવા અંગેની માહિતી ઊંડાણપૂર્વક આપી હતી.



✻ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર ખાતે ભારત સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ નવીન કાયદાઓ બીએનએસ, બીએનએસએસ, બીએસએ ના માર્ગદર્શન માટે રાધનપુર, સમી, સાંતલપુરના પોલીસ સ્ટેશનના કર્મચારીઓના ત્રણ દિવસના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજનના ભાગરૂપે ભારતી ચંદ્રેશ વિરવાડિયા લૉ કૉલેજ, રાધનપુરના ઈન્ચાર્જ પ્રિ. ભીખુપુરી એસ. સ્વામી તથા ટ્રસ્ટના પ્રમુખ ડૉ. મહેશભાઈ મુલાણીના રાહબર તેમજ પી.આઈ. બી.જે. સોલંકીના માર્ગદર્શન હેઠળ આસી. પ્રોફેસર તૃપ્તિબેન ઠક્કર દ્વારા તા. ૧૦–૬–૨૦૨૪ના રોજ સમી, રાધનપુર, વારાહી અને સાંતલપુર પોલીસ સ્ટેશનના કર્મચારીઓને ભારત સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ નવીન કાયદાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

## સબરસ

કર્મચારી : સર, બહુ વરસાદ છે, શું આજે ઓફિસ આવવાનું છે?

બૉસ : જાતે વિચારી લે, આખો દિવસ કોની કચકચ સાંભળવી છે? મારી કે પત્નીની ?

કર્મચારી : સારું બૉસ આવું છું.


HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor :** **Dr. Rajanikant Patel** (University Librarian), **Dr. Chanduji Thakor**

Published by : **Dr. R.N. Desai**, Registrar, H.N.G.U., Patan.

Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/–   કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–